ફિફા વર્લ્ડકપ રાઉન્ડ ઓફ 32 આજની મેચો

સ્વિટ્ઝરલેન્ડ vs અલ્જીરિયા : સવારે 8.30 વાગ્યે | **ઓસ્ટ્રેલિયા vs ઇજીપ્ત : રાત્રે 11.30 વાગ્યે** | **આર્જેન્ટીના vs કાબો વર્ડે : મોડી રાત્રે 3.30 વાગ્યે**

બે ગોલથી પાછળ રહેલા બેલ્જિયમે હાલના વર્લ્ડકપમાં અત્યાર સુધીની સૌથી મોટી વાપસી કરી

બેલ્જિયમે વધારાના સમયના ગોલથી સેનેગલને હરાવ્યું

85 મિનિટ સુધી બે ગોલથી પાછળ રહેલા બેલ્જિયમે 86મી અને 89મી મિનિટમાં બે ગોલ કરી સ્કોર 2-2 કર્યો

છેલ્લા 11 વર્લ્ડકપમાં નોકઆઉટ સ્ટેજમાં બે કે ગોલથી પાછળ રહેલી ટીમ જીતી હોય તેવી માત્ર બીજી ઘટના

યુરી ટિલેમાન્સે એક્સ્ટ્રા ટાઇમમાં 125મી મિનટે કરેલો ગોલ વર્લ્ડકપ ઇતિહાસમાં સૌથી મોડો ગોલ બન્યો

સિએટલ, તા. 02 : ફિફા વર્લ્ડકપની રાઉન્ડ ઓફ 32ની બુધવારે રાત્રે અહીં રમાયેલી એક રોમાંચક મેચમાં હાલના વર્લ્ડકપમાં અત્યાર સુધીનું સૌથી મોટું કમબેક કરીને બેલ્જિયમે બે ગોલની ખાધ સરભર કરી એક્સ્ટ્રા ટાઈમની છેલ્લી ક્ષણોમાં પેનલ્ટી દ્વારા ગોલ કરીને સેનેગલને 3-2થી હરાવ્યું હતું.

મેચની નિયમિત ૯૦ મિનિટ પૂરી થવામાં માત્ર પાંચ મિનિટ બાકી હતી ત્યા સુધી સેનેગલ 2-0થી આગળ હતું, પરંતુ અંતિમ પાંચ મિનિટના ગાળામાં રોમેલુ લુકાકુ અને યુરી ટિલેમાન્સના મોડા ગોલને કારણે રાઉન્ડ ઓફ 32ની આ મેચ એક્સ્ટ્રા ટાઈમમાં ખેંચાઈ હતી. તે પછી ટિલેમાન્સે મેચની 125મી મિનિટે પેનલ્ટીને ગોલમાં ફેરવીને બેલ્જિયમની જીત પાકી કરી હતી જે વર્લ્ડકપના ઈતિહાસનો થયેલો સૌથી મોડો ગોલ બન્યો હતો.

સ્કોર 2-2ની બરોબરી પર હતો અને પેનલ્ટી શૂટઆઉટની પૂરી શક્યતા હતી ત્યારે જ એક્સ્ટ્રા ટાઈમની છેલ્લી સેકન્ડોમાં ટિલેમાન્સની સાથે ફાઉલ થયો હતો. વિડીયો રીવ્યુ (VAR) બાદ રેફરીએ પેનલ્ટી આપી હતી, જોકે સેનેગલની ટીમે આનો ભારે વિરોધ કર્યો હતો. જો કે સેનેગલના કોચ પેપે થિયાઉએ કહ્યું કે હું આ નિર્ણય પર કોઈ ટીપ્પણી કરવા નથી માંગતો. જ્યારે પેનલ્ટી આપવાની વાત આવે ત્યારે આપણા બધાના અલગ-અલગ અર્થઘટન હોઈ શકે છે. હું રેફરીના નિર્ણય પર કંઈ જ કહેવાનું ટાળીશ.

છેલ્લા 11 વર્લ્ડકપમાં આ બીજી એવી ઘટના છે જ્યારે નોકઆઉટ રાઉન્ડમાં કોઈ ટીમ બે કે તેથી વધુ ગોલથી પાછળ હોવા છતાં મેચ જીતીને આગળ વધી હોય. આ પહેલા 2018ના વર્લ્ડકપમાં પણ બેલ્જિયમે જ રાઉન્ડ ઓફ 16માં જાપાન સામે આવી જ રીતે ૩-2થી જીત મેળવી હતી.

બેલ્જિયમ સેનેગલની મેચમાં ગોલનો રોમાંચ

ખેલાડી	ટીમ	મેચનો ગોલ	મિનિટ
હબીબ દિએરા	સેનેગલ	પહેલો	24મી
ઇસ્માઇલ સાર	સેનેગલ	બીજો	51મી
રોમેલુ લુકાકુ	બેલ્જિયમ	ત્રીજો	86મી
યુરી ટિલેમાન્સ	બેલ્જિયમ	ચોથો	89મી
યુરી ટિલેમાન્સ	બેલ્જિયમ	પાંચમો	125મી

મેદાનમાં ઘૂસી આવેલી ત્રણ વ્યક્તિએ બેલ્જિયમ-સેનેગલ વર્લ્ડકપ મેચને અવરોધી

બેલ્જિયમ અને સેનેગલ વચ્ચે બુધવારે રમાયેલી વર્લ્ડકપ મેચ દરમિયાન ત્રણ માણસો મેદાનમાં ઘૂસી ગયા હતા, જેના કારણે રમત અટકાવવામાં આવી હતી. મેચની ૩૨મી મિનિટે મેદાનમાં ઘુસી આવેલા લોકોએ રમતમાં વિક્ષેપ પાડ્યો. તેમને મેદાનની બહાર લઈ જવા માટે લગભગ એક ડઝન સુરક્ષા ગાર્ડ તૈનાત કરવામાં આવ્યા હતા. આ ઘટના દરમિયાન બેલ્જિયમના ડિફેન્ડર મેક્સિમ ડી ક્યુયપર બોલ પોતાના કબજામાં રાખી ઊભો રહ્યો હતો. આ ઘટના બની ત્યારે સેનેગલ 1-0થી આગળ રહ્યું હતું.

ફોલારિન બાલોગનના ગોલથી બોસ્નિયાને હરાવીને અમેરિકા પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં

બાલોગન વર્લ્ડકપ નોકઆઉટમાં ગોલ કરનાર અને રેડ કાર્ડ મેળવનાર વિશ્વનો ત્રીજો ખેલાડી બન્યો

બીજા હાફમાં મળેલા રેડ કાર્ડને કારણે બાલોગન હવે બેલ્જિયમ સામે રાઉન્ડ ઓફ 16 મેચ નહીં રમી શકે

સાન્તા ક્લેરા, તા. 02 : વર્લ્ડકપની રાઉન્ડ ઓફ 32ની ગઇકાલે બુધવારે રમાયેલી મેચમાં ફોલારિન બાલોગને શરૂઆતમાં ગોલ કરીને અમેરિકાને બોસ્નિયા સામે સરસાઇ અપાવી હતી અને તે પછી અમેરિકાએ બોસ્નિયાને 2-0થી હરાવીને રાઉન્ડ ઓફ 16માં એન્ટ્રી કરી લીધી હતી, જ્યાં તેનો સામનો બેલ્જિયમ સામે થશે. જો કે બાલોગન માટે મેચ મિશ્ર અનુભવવાળી રહી હતી, કારણકે બીજા હાફની શરૂઆતમાં જ રેડ કાર્ડ મળવાને કારણે તેને મેદાનની બહાર જવું પડ્યું હતું, જેના લીધે તે હવે પછીની આગામી મહત્વની મેચ રમી શકશે નહીં.

મેચ દરમિયાન બાલોગને બે વાર એનબીએના સ્ટાર ખેલાડી લેબ્રોન જેમ્સની પ્રખ્યાત 'ધ સાયલેન્સર' સ્ટાઇલમાં ગોલની ઉજવણી કરી હતી. જોકે, પહેલીવાર જ્યારે તેણે 31મી બોલ નેટમાં મોકલ્યો ત્યારે ઓફસાઇડના કારણે ગોલ અમાન્ય રાખવામાં આવ્યો હતો. તે પછી તેણે 45મી મિનિટે ગોલ કરીને અમેરિકાને સરસાઇ અપાવી હતી. તે પછી બોસ્નિયાના ખેલાડી તારિક મુહારેમોવિકની ઘૂંટી પર પગ આવી જવાના કારણે બ્રાઝિલિયન રેફરી રાફેલ ક્લોઝ દ્વારા બાલોગનને રેડ કાર્ડ આપવામાં આવ્યું હતું. રેફરીએ શરૂઆતમાં કોઈ કાર્ડ બતાવ્યું ન હતું, પરંતુ વીડિયો આસિસ્ટન્ટ રેફરી (VAR) રિવ્યૂ બાદ બાલોગનને રેડ કાર્ડ બતાવાયું હતું. આ સાથે જ બાલોગન વર્લ્ડ કપની નોકઆઉટ મેચમાં ગોલ કરનાર અને રેડ કાર્ડ મેળવનાર વિશ્વનો ત્રીજો ખેલાડી બની ગયો છે. આ પહેલા 2002માં બ્રાઝિલના રોનાલ્ડિન્હોએ ઇંગ્લેન્ડ સામે અને 2006ની ફાઇનલમાં ફ્રાન્સના ઝિનેદિન ઝિદાને ઇટાલી સામે આ અણગમતો રેકોર્ડ બનાવ્યો હતો. સોમવારે બેલ્જિયમ સામે રમાનારી રાઉન્ડ ઓફ 16ની મેચમાં બાલોગનને આપોઆપ એક મેચના સસ્પેન્શનનો સામનો કરવો પડશે. જ્યાં સુધી ફિફા એક કરતાં વધુ મેચનો પ્રતિબંધ ન લગાવે ત્યાં સુધી રેડ કાર્ડના સસ્પેન્શન સામે અપીલ કરવાની કોઈ જોગવાઈ નથી.

વિમ્બલડન : જોકોવિચ, સ્વિટેક, ગફ, ઓસાકા ત્રીજા રાઉન્ડમાં

ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન મીરા એન્ડ્રીવા બાર્બોરા ક્રેજિસોવા સામે હારીને બહાર નીકળી

એલેક્સ ડિ મિનૌર અને ટેલર ફ્રિટ્ઝે પણ પોતપોતાની મેચ જીતી આગેકૂચ જાળવી રાખી

લંડન, તા. 02 : ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે ગ્રાસ કોર્ટ ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ વિમ્બલડનમાં દિગ્ગજ ચેમ્પિન ખેલાડી નોવાક જોકોવિચ, ડિફેન્ડીંગ ચેમ્પિયન ઇગા સ્વિટેક, અમેરિકન કોકો ગફે પોતપોતાની મેચ જીતીને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. જો કે ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન રશિયન તરૂણી મીરા એન્ડ્રીવાની સફર માજી ચેમ્પિયન બાર્બોરા ક્રેજિસોવા સામે હારીને વહેલી બહાર નીકળી ગઇ છે.

જોકોવિચે બુધવારે સ્ટેફાનોસ સિત્સિપાસ પર સીધા સેટમાં 6-3, 6-4, 6-2થી વિજય મેળવીને પોતાના હરીફોને ચેતવણી આપતા 20મી વખત વિમ્બલડનના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. 39 વર્ષીય નોવાક જોકોવિચ રેકોર્ડ-બ્રેકિંગ 25મા ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ અને રેકોર્ડ-બરાબર આઠમું વિમ્બલડન જીત માટે પ્રયાસરત છે. મહિલા સિંગલ્સમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ઇગા સ્વિયાટેકે માજી નંબર વન કેરોલિના પ્લિસ્કોવાને 6-1, 6-3થી હરાવીને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. શરૂઆતની મેચમાં ટેલર ટાઉનસેન્ડ દ્વારા ત્રણ સેટમાં જીત મેળવ્યા બાદ, સ્વિટેકે સેન્ટર કોર્ટ પર પોતાનો શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. અમેરિકન કોકો ગફે સોલાના સિએરાને 6-3, 3-6, 7-6 થી હરાવી, જ્યારે નાઓમી ઓસાકાએ ક્વોલિફાયર અનાસ્તાસિયા ગાસાનોવાને 6-3, 6-2 થી હરાવી.

પુરુષ સિંગલ્સમાં ટેલર ફ્રિટ્ઝે તેના સાથી અમેરિકન પેટ્રિક કિસ્નનને 2 કલાક અને બે મિનિટમાં 6-2, 6-2, 7-5 થી હરાવીને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો જ્યારે પાંચમા ક્રમાંકિત એલેક્સ ડી મિનૌર પણ સીધા સેટોમાં એડ્રિયન મન્નારિનોને 6-3, 6-2, 6-2 થી હરાવીને આગળ વધ્યો હતો. મહિલા સિંગલ્સની એક મેચમાં જૂનમાં પેરિસમાં પોતાનો પહેલો ગ્રાન્ડ સ્લેમ તાજ જીત્યા બાદ અહીં આવેલી એન્ડ્રીવાને બાર્બોરા ક્રેજસીકોવાએ 4-6, 7-5, 6-4 થી ત્રણ સેટની સખત લડાઈમાં હરાવી હતી.

યુકી ભાંબરી-માઇકલ વિનસની જોડી પહેલા રાઉન્ડમાં હારીને બહાર

ભારતના યુકી ભાંબરી અને ન્યુઝીલેન્ડના સાથી માઇકલ વિનસની જોડી શરૂઆતના રાઉન્ડમાં હારી ગયા બાદ વિમ્બલડન પુરુષ ડબલ્સમાંથી વહેલી બહાર થઈ હતી. અનુભવી ઈન્ડો-કિવી જોડીનો ડચ અનુભવી જીન-જુલિયન રોજર અને અમેરિકન થિયોડોર વાઇનેગર સામે સીધા સેટમાં 6-3, 6-4થી પરાજય થયો. વિશ્વના અગ્રણી ડબલ્સ ખેલાડીઓમાં સ્થાન મેળવનાર ભાંબરીએ સાતત્યપૂર્ણ સિઝન બાદ મોટી આશાઓ સાથે ટુર્નામેન્ટમાં પ્રવેશ કર્યો હતો પરંતુ ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે કોર્ટ 10 પર બિનક્રમાંકિત જોડીને હરાવવામાં નિષ્ફળ રહ્યો.

ડોપિંગ બદલ ત્રણ વર્ષનો પ્રતિબંધ

અમેરિકા સામે ટીમ ગોલ્ડ મેડલ જીત્યાના ત્રણ અઠવાડિયા પછી તેનો ટેસ્ટ પોઝિટિવ આવતા 2025 વર્લ્ડકપ ફાઇનલનો ખિતાબ પણ છીનવાયો

લોઝેન (સ્વિટ્ઝર્લેન્ડ), તા. 02 : ઈન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સી (ITA)એ આજે ગુરુવારે જણાવ્યું હતું કે, મેક્સિકોની વર્લ્ડ ચેમ્પિયન તીરંદાજ મેરિઆના બર્નલ પર ત્રણ વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અમેરિકા સામે ટીમ ગોલ્ડ મેડલ જીત્યાના ત્રણ અઠવાડિયા પછી તેનો એનાબોલિક સ્ટેરોઇડ ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો.

23 વર્ષીય બર્નલે ડોપિંગના આ ગુનાને પડકાર્યો નથી અને તેના પર 2028ની લોસ એન્જલસ ઓલિમ્પિક્સ પૂરી થવા સુધી પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત, તેની પાસેથી 2025 વર્લ્ડકપ ફાઇનલ્સનો ખિતાબ પણ છીનવી લેવામાં આવ્યો છે. ITA એ જણાવ્યું હતું કે, ડોપિંગનો ગુનો વહેલો સ્વીકારી લેવા બદલ બર્નલના સામાન્ય ચાર વર્ષના પ્રતિબંધમાંથી એક વર્ષનો ઘટાડો કરવામાં આવ્યો છે. એજન્સીના જણાવ્યા અનુસાર, ગયા વર્ષે સપ્ટેમ્બરમાં સ્પર્ધાની બહાર લેવાયેલા ટેસ્ટમાં બર્નલ 'નેન્ડ્રોલોન' ટે પોઝિટિવ આવી હતી. આ ટેસ્ટના ત્રણ અઠવાડિયા પહેલા જ તેણે દક્ષિણ કોરિયાના ગ્વાંગજુ ખાતે યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મહિલાઓની ટીમ કમ્પાઉન્ડ ઈવેન્ટની ફાઇનલમાં અમેરિકાને હરાવીને મેક્સિકોને ગોલ્ડ મેડલ અપાવવામાં મદદ કરી હતી.

AIUની જૂનમાં ડોપ ભંગની યાદીમાં ભારત ટોચના સ્થાને યથાવત

AIUની યાદીમાં 162 કેસ સાથે ભારત પહેલા 148 કેસ સાથે કેન્યા બીજા અને 60 કેસ સાથે રશિયા ત્રીજા સ્થાને

ડોપ ભંગ માટે દંડિત થયેલા લોકોમાં સેમ્પલ સાથે ચેડા, ટેસ્ટિંગમાંથી છટકનારા સહિતનાનો સમાવેશ

નવી દિલ્હી, તા. 02 (પીટીઆઈ) : એથ્લેટિક્સ ઈન્ટિગ્રિટી યુનિટ (એઆઈયુ)ની ડોપિંગ ભંગ કરનારાઓની વૈશ્વિક યાદીમાં 162 નામો સાથે ભારત ટોચ પર યથાવત રહ્યું છે, જે ફરી એકવાર દેશના રમતગમત સમુદાયને સતાવી રહેલી મોટી સમસ્યાને ઉજાગર કરે છે. આ યાદીમાં કેન્યા 148 કેસ સાથે બીજા જ્યારે રશિયા 60થી વધુ કેસ સાથે ત્રીજા ક્રમે છે.

આ યાદીમાં ડોપિંગ ઉલ્લંઘન માટે દંડિત થયેલા લોકોમાં ડોપિંગ સિવાયના ઉલ્લંઘનો જેમ કે નમૂના સાથે ચેડાં, પરીક્ષણને ટાળવારા, દાણચોરી, અથવા તેમના રહેઠાણનો ખુલાસો કરવામાં નિષ્ફળ જનારાઓનો સમાવેશ થાય છે. આ ઉલ્લંઘનો ડોપિંગ ઉલ્લંઘનો જેટલો જ દંડ ધરાવે છે. એઆઈયુ એ વર્લ્ડ એથ્લેટિક્સ દ્વારા સ્થાપિત એક સ્વતંત્ર ડોપિંગ વિરોધી દેખરેખ સંસ્થા છે. તે આંતરરાષ્ટ્રીય રમતવીરો અને તેમના સપોર્ટ સ્ટાફ પર અધિકારક્ષેત્ર ધરાવે છે. છેલ્લા બે વર્ષથી ડોપિંગ ઉલ્લંઘન કરનારાઓની યાદીમાં ટોચ પર રહ્યા બાદ, વર્લ્ડ એથ્લેટિક્સે એપ્રિલમાં ભારતને 'ખૂબ જ ઊંચા' ડોપિંગ જોખમવાળા દેશ તરીકે ચિહ્નિત કર્યું હતું.

એઆઈયુ બોર્ડ દ્વારા તાજેતરના નિર્ણયમાં, એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એએફઆઈ)ને વર્લ્ડ એથ્લેટિક્સ એન્ટી-ડોપિંગ નિયમોના નિયમ 15 હેઠળ કેટેગરી બીમાંથી કેટેગરી એમાં ફરીથી વર્ગીકૃત કરવામાં આવ્યું છે. 2022 અને 2025 વચ્ચે એથ્લેટિક્સમાં ડોપિંગ વિરોધી નિયમ ઉલ્લંઘનની સૌથી વધુ સંખ્યા ધરાવતા ટોચના બે દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. એઆઈયુ અનુસાર, ભારતે 2022માં 48, 2023માં 63, 2024 માં 71 અને 2025 માં 30 કેસ સાથે એવરેજ પ્રથ સ્થાનનો રેકોર્ડ કર્યા.

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેની પહેલી ટી-20 વરસાદે ધોઈ નાંખી

પાંચ ઓવરના કટ ઓફ ટાઇમમાં 40 મિનિટથી વધુ સમય બાકી હતો ત્યારે મેચ રદ કરવાનો નિર્ણય લેવાયો

ભારતીય ટીમે શ્રેયસ અય્યર અને અભિષેક શર્માની અર્ધસદીની મદદથી સાત વિકેટે 189 રન બનાવ્યા હતા

ચેસ્ટર-લે-સ્ટ્રીટ, તા. 02 : ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચ મેચની ટી-20 સીરિઝની બુધવારે અહીં રમાયેલી પહેલી મેચ ભારતીય ટીમના દાવ પછી સતત વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા ભારતે કેપ્ટન શ્રેયસ અય્યર અને અભિષેક શર્માની અર્ધસદીની મદદથી સાત વિકેટે 189 રન બનાવ્યા હતા. ભારતીય ટીમના દાવ પછી, વરસાદ શરૂ થયો અને પાંચ ઓવરની મેચ માટે કટ-ઓફ સમયમાં 40 મિનિટથી વધુ સમય બાકી હતો ત્યારે અમ્પાયર્સે મેચ રદ કરવાનો નિર્ણય લીધો.

આ પહેલા ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેનારી ભારતીય ટીમની શરૂઆત ખરાબ રહી હતી અને ફરી એકવાર સંજુ સેમસન માત્ર એક રન કરીને આઉટ થયો હતો. તે પછી અભિષેક સાથે ગેરસમજ બાદ ઈશાન કિશન પણ રન આઉટ થયો ત્યારે સ્કોરબોર્ડ પર ફક્ત છ રન હતા. પરંતુ અભિષેકે ટીમને દબાણમાંથી બહાર કાઢી હતી અને તેણે શ્રેયસ સાથે ત્રીજી વિકેટ માટે 82 રનની ભાગીદારી કરી હતી. પાવરપ્લે પછી અભિષેકે 20 બોલમાં તેની અડધી સદી પૂરી કરીને 59 રને આઉટ થયો હતો. તે પછી અય્યરે બાજી સંભાળીને કેપ્ટન તરીકે પોતાની પહેલી ટી-20I અર્ધસદી ફટકારી હતી. તે 68 રન કરીને આઉટ થયો હતો. અંતિમ ઓવરોમાં શિવમ દુબેએ 21 બોલમાં 42 રન બનાવીને ભારતનો સ્કોર 189 રન સુધી પહોંચાડ્યો હતો. ઈંગ્લેન્ડ તરફથી શાકિબે 33 રન આપીને ત્રણ વિકેટ લીધી.

વર્લ્ડ ચેમ્પિયન તીરંદાજ બર્નલ પર ડોપિંગ બદલ ત્રણ વર્ષનો પ્રતિબંધ

અનુસંધાન ... પાના પહેલાનું

હવે બોર્ડના...

સમિતિની સ્થાપના કોચિંગ ક્લાસો પર વિદ્યાર્થીઓની વધતી નિર્ભરતા, ડમી સ્કૂલોના વ્યાપ અને પ્રવેશ પરીક્ષાઓમાં નિષ્પક્ષતાની તપાસ કરવા માટે કરવામાં આવી હતી.

આરોપીઓ પાસેથી...

છે. તપાસ દરમિયાન પોલીસે આશરે ૧૧ ગ્રામ સોનું, લગભગ ૩૭૫ ગ્રામ ચાંદી અને ૧,૧૨૧ યુએસ ડોલર પણ જપ્ત કર્યા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસકર્તાઓએ અયોધ્યાના એક યોગ કેન્દ્રમાંથી પેટીએમ ક્યુઆર કોડવાળી રામરાજ્ય કોષ લખેલી દાનપેટી જપ્ત કરી છે, જ્યાં અવિનાશ શુક્લા છેલ્લા લગભગ એક દાયકાથી રહેતો હતો.

પેટ્રોલ-ડીઝલના...

હવાલો આપીને તબક્કાવાર પેટ્રોલ અને ડીઝલ બંનેના ભાવમાં 7.50-7.50 પ્રતિ લીટરનો વધારો કર્યો હતો. દેશના 1 લાખથી વધુ પેટ્રોલ પંપોમાંથી 90%થી વધુ પંપો પર આ ત્રણેય સરકારી કંપનીઓનું નિયંત્રણ છે. સરકારી તેલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (આઈઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ)એ કિંમતોમાં કોઈ ફેરફાર કર્યો નથી. દેશની સૌથી મોટી પ્રાઇવેટ ક્યુઅલ રિટેલર કંપની નાયરા એનર્જીએ પેટ્રોલના ભાવમાં 5 રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલમાં 3 રૂપિયા પ્રતિ લીટરનો ઘટાડો કર્યો છે. હવે ભોપાલમાં નાયરાના પેટ્રોલની કિંમત 119.79 રૂપિયાથી ઘટીને 114.79 રૂપિયા અને ડીઝલ 102.57 રૂપિયાથી ઘટીને 99.57 રૂપિયા પર આવી ગયું છે.

હવે ભારતની...

પ્રસ્તાવ હિતધારક દેશો માટે વધુ સારી કનેક્ટિવિટી, વ્યાપાર અને મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટનું વચન આપે છે. બાંગ્લાદેશના અધિકારીઓએ જણાવ્યું હતું કે આનાથી વાણિજ્યને વેગ મળી શકે છે, તેમના બંદરોનું આધુનિકીકરણ થઈ શકે છે અને ચીનના બજારો સુધી પહોંચ સુધરી શકે છે. ભારતની પશ્ચિમે CPEC છે, જે પશ્ચિમી ચીનને પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર રીતે કબજે કરાયેલા ભારતીય પ્રદેશ મારફતે બલૂચિસ્તાન સાથે જોડે છે. ભારતે સતત આ પ્રોજેક્ટનો વિરોધ કર્યો છે, અને દલીલ કરી છે કે તે ભારતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન કરે છે કારણ કે તે ગિલગિટ-બાલ્ટિસ્થાનમાંથી પસાર થાય છે. હવે ભારત માટે, આ નવા પ્રસ્તાવ પર ઝીણવટભર્યું ધ્યાન આપવું જરૂરી છે. એટલા માટે નહીં કે આ કોરિડોર ટૂંક સમયમાં બની જશે, પરંતુ એટલા માટે કે તે બંગાળની ખાડી અને તેની આસપાસ પોતાના વ્યૂહાત્મક પ્રભાવનો વિસ્તાર કરવાના બેઇજિંગના સતત પ્રયાસોને દર્શાવે છે.

સુપ્રીમ લીડર...

સુધી ચાલનારી સામૂહિક અંતિમ સંસ્કારની વિધિઓની તૈયારી કરી રહ્યા છે, જેથી ઇસ્લામિક રિપબ્લિક પ્રત્યે જનતાની શ્રદ્ધા પ્રદર્શિત કરી શકાય અને એ સાબિત કરી શકાય કે તેનો ક્રાંતિકારી જુસ્સો હજુ પણ મજબૂત છે. યુદ્ધના પ્રથમ હુમલામાં અમેરિકા અને ઈઝરાયેલના હવાઈ હુમલામાં તેઓ માર્યા ગયા હતા.

પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ અને તેમના ટોચના મંત્રીઓ આગામી શુક્રવારે ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈની અંતિમવિધિમાં ભાગ લેવા માટે ઈરાનની મુલાકાત લેશે તેમ વિદેશ કાર્યાલયે ગુરુવારે જાહેરાત કરી હતી. વડાપ્રધાન પાકિસ્તાનની જનતા અને સરકાર વતી ઈરાની નેતૃત્વ અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરશે, તેમજ આ ગંભીર દુ:ખની ઘડીમાં આ ભાઈચારા ધરાવતા રાષ્ટ્ર સાથે એકતા પુન:પુષ્ટ કરશે, તેમ વિદેશ કાર્યાલયના પ્રવક્તા તાહીર અંદ્રાબીએ જણાવ્યું હતું.નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક દાર, કેબિનેટના સભ્યો અને વરિષ્ઠ અધિકારીઓ વડાપ્રધાનની આ મુલાકાતમાં તેમની સાથે જોડાશે.

રામમંદિર ઉચાપત:...

દાખલ કરવામાં આવે. ચંપત રાયની પણ આજ ફરીથી પૂછપરછ કરવામાં આવી હતી. તેમને, અનિલ મિશ્રાને અને ગોપાલ રાવને સાથે બેસાડીને પણ પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસ અને સત્તાવાર સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું કે, રામ મંદિર દાન ચોરીના આરોપી લવકુશ મિશ્રાની પત્નીના નામે કથિત ગેરકાયદેસર મકાન બાંધકામ બદલ અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટી (ADA) એ તેને નોટિસ પાઠવી છે. પોલીસે આ કથિત ઉચાપત કેસની તપાસ વધુ તેજ કરી દીધી છે ત્યારે લવકુશના મકાન પર બુલડોઝર ચલાવવા માટે તૈયારી થઈ રહી હોય તેવા સંકેતો છે. બીજા એક મહત્વના ઘટના ક્રમમાં પોલીસે રામ મંદિરના ટ્રસ્ટના આમંત્રિત સભ્ય અને બાંધકામ પ્રભારી ગોપાલ રાવને બહાર બેસાડી રાખ્યા હતા. ફેઝાબાદ બાર એસોસિએશનના વકીલોએ અહીં વિરોધ કૂચ યોજી હતી અને રાય, મિશ્રા તેમજ મંદિરના અધિકારી ગોપાલ રાવ સામે FIR નોંધવાની માંગ કરતી પોલીસ ફરિયાદ સબમિટ કરી હતી. ફેઝાબાદ બાર એસોસિએશનના પ્રમુખ કાલિકા પ્રસાદ મિશ્રાના જણાવ્યા અનુસાર, આ કેસમાં પ્રથમ FIRમાં જેઓ ફરિયાદી હતા તેવા અન્ય એક ટ્રસ્ટી કૃષ્ણ મોહનનો પણ વકીલોની પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વિરોધ પક્ષોએ પણ પોતાના હુમલા તેજ બનાવ્યા હતા. આપ પક્ષના વડા અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન મોદી પાસે જવાબ માગ્યો હતો અને કહ્યું હતું કે જમીન ખરીદી અને મંદિરના બાંધકામમાં પણ ઘણો ભ્રષ્ટાચાર થયો છે. તેમણે કહ્યું હતું કે મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો વડાપ્રધાન દ્વારા જ પસંદ કરવામાં આવ્યા છે ત્યારે વડાપ્રધાને જવાબ આપવો જોઈએ. કોંગ્રેસે કહ્યું હતું કે તે આ કૌભાંડ અંગે એક અભિયાન શરૂ કરશે.

દરમ્યાન, ટ્રસ્ટના બોર્ડની બેઠક મળનાર છે જેમાં ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવ અંગે નિર્ણય લેવાય તેવી શક્યતા છે તે વચ્ચે ચંપત રાયે આજે જણાવ્યું છે કે તેઓ આ કલંક સાથે હવે ટ્રસ્ટમાં ચાલુ રહેવા માગતા નથી. ચંપત રાય હાલ એકાંતમાં રહે છે એમ જાણવા મળ્યું છે. તેમણે કહ્યું છે કે તેમની સાથે વિશ્વાસઘાત થયો છે. જો કે કોણે અને કઈ બાબતે વિશ્વાસઘાત કર્યો તે તેમણે જણાવ્યું ન હતું.